સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સ્ટેમ્પ અને નોંધણી ભવન-૧, લો માળ, સેક્ટર-૧૪, ખ-૫ સર્કલ પાસે, ગાંધીનગર
ટેલીફોન નંબર ૦૭૯ ૨૩૨૮૮૨૫૯ E-mail : stamps-appeal@gujarat.gov.in

ક્રમાંક/સ્ટેમ્પ/કયદ/૪૦/૨૦૨૩/૯૪૨૬૩ તા. /03/૨૦૨૩
29 MAR 2023

પ્રતિ,
નાયબ માહીતિ નિયામકશ્રી,
માહીતિ ખાતું, ગુજરાત રાજય,
ગાંધીનગર.

વિષય :- દસ્તાવેજોની નોંધણી સુવિધા અંગે સ્પષ્ટતા કરવા બાબત

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, રાજયમાં જમીનો/ સ્થાવર મિલકતોના જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ) ૨૦૧૧ના ભાવોમાં તા.૧૫/૦૪/૨૦૨૩થી થનાર ભાવ વધારા સંદર્ભે દસ્તાવેજોમાં વાપરવાપાત્ર સ્ટેમ્પ ડયુટી અંગેની સ્પષ્ટતાઓ/ સમજૂતિ તથા તા.૦૪/૦૪/૨૦૨૩, તા.૦૭/૦૪/૨૦૨૩ તથા તા.૦૮/૦૪/૨૦૨૩ની જાહેર રજાના દિવસોમાં સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રાખવામાં આવેલા અંગે, આ સાથે સામેલ રાખેલ અખબારી યાદી અગ્રગણ્ય વર્તમાન પત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરાવી આપવા તથા પ્રસિધ્ધ થયાની એક નકલ અત્રે મળે તેવી વ્યવસ્થા કરી આપવા વિનંતિ છે.

- સહી-
(જેનુ દેવન I.A.S.)
સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર

રવાના કર્યુ

(એ.આર. ચૌધરી)
અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર

## સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

### અખબારી યાદી

ગુજરાત રાજયમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૩૨-કના અસરકારક અમલ માટે રાજયની જમીનો/સ્થાવર મિલકતોના જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ) ૨૦૧૧ના ભાવોમાં તા.૧૫/૦૪/૨૦૨૩ થી વધારો અમલમાં આવનાર છે. જેથી, તા.૧૫/૦૪/૨૦૨૩ કે તે પછી નોંધણી અર્થે રજુ થતા દસ્તાવેજો માટે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) તા.૧૫/૦૪/૨૦૨૩ કે તે પછી નોંધણી માટે રજૂ થતો દસ્તાવેજ તા.૧૫/૦૪/૨૦૨૩ પહેલાં કરી આપેલ હશે એટલે કે દસ્તાવેજમાં તા.૧૫/૦૪/૨૦૨૩ પહેલાં (તા.૧૪/૦૪/૨૦૨૩ સુધીમાં) પક્ષકારોની સહી થઈ નોંધણી માટે તૈયાર હશે અને આવા દસ્તાવેજ ઉપર પક્ષકારોની સહી થયાની તારીખ પહેલાં અથવા સહી થયાની તારીખના પછીના તરતના કામકાજના દિવસ સુધીમાં જરૂરી હોય તે રકમનો પુરેપુરો સ્ટેમ્પ લગાડેલ હશે. તો આવો દસ્તાવેજ સહી કર્યાની તારીખથી ચાર માસમાં નોંધણી માટે રજુ થશે તો તેવા દસ્તાવેજમાં તા.૧૫/૦૪/૨૦૨૩થી વધારેલ જંત્રી ભાવ લાગુ પડશે નહીં, પરંતુ, તે પહેલાંના ભાવ વધારા સિવાયના અમલી જંત્રી ભાવ (જૂની જંત્રીના ભાવ) મુજબ દસ્તાવેજમાં મિલકતની બજારકીંમત તથા સ્ટેમ્પ ડયુટી ગણવામાં આવશે.

(૨) તા.૧૫/૦૪/૨૦૨૩ પહેલાં પક્ષકારો વચ્ચે મિલકતના વેચાણનો બાનાખતનો દસ્તાવેજ કરવામાં આવેલ હશે. અને તા.૧૫/૦૪/૨૦૨૩ પછી આવા બાનાખતમાં સમાવેશ થયેલ મિલકતનો તે જ પક્ષકારો વચ્ચે વેચાણ દસ્તાવેજ કરવામાં આવશે, તો તેવા કીસ્સામાં વેચાણ દસ્તાવેજ થયાની તારીખે અમલી જંત્રીના (એટલે કે વધારેલ) ભાવ મુજબ થતી મિલકતની બજારકીંમત મુજબની સ્ટેમ્પ ડયુટીની રકમમાંથી બાનાખત ઉપર રૂા.૩૦૦/- થી વધુ રકમની વાપરેલ સ્ટેમ્પ ડયુટી વેચાણ દસ્તાવેજ ઉપર ભરવાની થતી સ્ટેમ્પ ડયુટીની રકમમાં મજરે ગણવામાં આવશે.

(૩) રાજયની સબ રજીસ્ટ્રાર કચેરીઓ ખાતે દસ્તાવેજ નોંધણી કામગીરીના પ્રમાણ તથા જાહેર જનતાના હીતને ધ્યાનમાં રાખી તા.૦૪/૦૪/૨૦૨૩, તા.૦૭/૦૪/૨૦૨૩ તથા તા.૦૮/૦૪/૨૦૨૩ના જાહેર રજાના દિવસોએ રાજયની તમામ ૨૮૭ સબ રજીસ્ટ્રાર કચેરીઓ ખાતે દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રાખવામાં આવેલ છે. જેથી, તા.૦૪/૦૪/૨૦૨૩, તા.૦૭/૦૪/૨૦૨૩ તથા તા.૦૮/૦૪/૨૦૨૩ના રોજ રાજયની તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓ ખાતે નિયમિત દિવસની જેમ જ ઓન લાઇન એપોઇન્ટમેન્ટ મેળવીને દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

સ્થળઃ- ગાંધીનગર
તા.૨૯/૦૩/૨૦૨૩

- સહી-
(જેનુ દેવન I.A.S.)
સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.

રવાના કર્યુ

(એ.આર. ચૌધરી)
અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર.